જ્ઞાનચંદ્રકૃત સંસ્કૃતભાષા–નિબદ્ધ "શ્રીરૈવતતીર્થ સ્તોત્ર"

(સ્વ.) અગરચંદ નાહટા અને મધુસૂદન ઢાંકી

(સ્વ.) પં. બેચરદાસ દોશી જૈન મહાતીર્થ ઉજ્જયન્તગિરિ વિષયક પુરાણી જૈન તીર્થમાલાત્મક સાહિત્ય રચનાઓ પ્રકાશિત કરવાની પહેલ કરવામાં એક હતા. એમણે તપાગચ્છીય રત્નશેખરસૂરિ–શિષ્ય હેમહંસસૂરિની જૂની ગુજરાતીમાં રચાયેલ બહુમૂલ્ય કૃતિ—"ગિરનાર ચૈત્ર પ્રવાડી" (આ. વિ. સં. ૧૫૧૫ ઇ.સ. ૧૪૫૯) — **પુરાતત્ત્વ** અંક ૩ (ચૈત્ર ૧૯૭૯, પૃ. ૨૯૧–૩૨૨ क)માં પ્રકાશિત કરેલી. એમનાથી એક વર્ષ પૂર્વે વિજયધર્મસૂરિ દ્વારા એક બીજા તપાગચ્છીય મુનિ — રત્નસિંહસૂરિ શિષ્ય — દ્વારા "ગિરનાર તીર્થમાલા" એમના ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત ઉપયુક્ત **પ્રાચીન તીર્થમાલા સંગ્રહ** (ભાવનગર સં.૧૯૭૮/ઈ. સ. ૧૯૨૨)માં પ્રગટ કરેલી. (પૃ. ૩૩–૩૭.) (સ્વ.) પં. દોશી આમ આ ક્ષેત્રમાં બે અગ્રચારિઓમાંના એક હોઈ, તેમ જ હેમહંસસૂરિની ચૈત્યપરિપાટીના આધારે તેમણે ગિરનાર તીર્થ સમ્બન્ધે જે ગવેષણા કરી છે તે એ વિષય અનુલક્ષીને સૌ પ્રથમ જ હોઈ, ઉજ્જયન્ત-તીર્થ વિશે છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન પ્રાપ્ત થયેલી (પણ અદ્યાવધિ અપ્રકાશિત) સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં રચાયેલી કેટલીક કૃતિઓ અહીં એમને સ્મરણાંજલિ રૂપે પ્રસ્તુત થઈ રહી છે.

અહીં રજૂ થઈ રહેલી કૃતિઓમાં સૌથી પુરાણી કૃતિ જ્ઞાનચંદ્રની છે. વસન્તતિલકા છન્દમાં નિબદ્ધ આ સંસ્કૃત ષોડશિકાને સંગ્રહકારે (વા લિપિકારે) "ગિરનાર ચૈત્ય–પરિપાટી સ્તવન" એવું શીર્ષક આપ્યું છે, જે કૃતિની અંદરની વસ્તુને લક્ષમાં રાખીને અપાયું હોય તેમ લાગે છે; પણ મૂળ કર્તાને તો "ઉજ્જયન્તગિરિતીર્થસ્તોત્ર" વા "રૈવતગિરિતીર્થ–સ્તોત્ર" અભિપ્રેત હોય તેમ લાગે છે. પ્રાન્ત પદ્યમાં રચયિતાએ પોતાનું "જ્ઞાનેન્દુ" અભિધાન પ્રકટ કરેલું છે; પણ પોતાના ગચ્છ કે પરંપરા વિશે કંઈ જણાવ્યું નથી. સ્તોત્રમાં મંત્રીશ્વર વસ્તુપાલ અને મંત્રીબન્ધુ તેજપાલે ગિરિ પર નિર્માણ કરાવેલ કલ્પોનો ઉલ્લેખ હોઈ કર્તા ઈ. સ. ૧૨૩૨–૧૨૩૪ બાદ જ લખી રહ્યા હોવાનું સુનિશ્ચિત છે.

પણ બે જ્ઞાનચંદ્ર જાણમાં છે: એક તો રાજગચ્છીય વાદીન્દ્ર ધર્મઘોષસૂરિની પરંપરામાં થઈ ગયેલા અમરપ્રભસૂરિના શિષ્ય, જેમણે સં. ૧૩૭૮–ઈ. સ. ૧૩૨૨માં અર્બુદગિરિ પર દેલવાડાની વિશ્વવિખ્યાત વિમલવસહીમાં ભંગ પશ્ચાત્ પુનઃપ્રતિષ્ઠા કરેલી.[1] બીજા તે પૌર્ણમિક ગુણચન્દ્રસૂરિ–શિષ્ય, જેમણે હર્ષપુરીયગચ્છના રાજશેખરસૂરિની રત્નાવતારિકા પર પ્રસ્તુત સૂરિના અનુરોધથી ટીપ્પન રચેલું.[2] આ બીજા પં. જ્ઞાનચન્દ્રનો સમય આથી ઇસવીસનના ૧૪મા શતકના મધ્યમાં પડે છે,[3] અને એ કારણસર તેઓ રાજગચ્છીય જ્ઞાનચન્દ્રથી એક પેઢી પાછળ થયેલા. આમ નજીકના સમયમાં થઈ ગયેલા આ બે જ્ઞાનચન્દ્રોમાંથી સાંપ્રત સ્તોત્ર કોની રચના હશે તે વિશે આમ તો નિર્ણય કરવો કઠણ છે, પણ દેલવાડાની સં. ૧૩૭૮ની વિમલવસહી પ્રશસ્તિમાં વચ્ચે વચ્ચે પ્રયોજિત વસન્તતિલકા પદ્યોના છન્દોલય તેમ જ શૈલી–પરાગને ધ્યાનમાં રાખતાં ચર્ચા હેઠળનું રૈવતગિરિ–સ્તોત્ર આ રાજગચ્છીય જ્ઞાનચન્દ્રની, અને એથી ઈ. સ. ૧૩૨૦–૧૩૨૫ના અરસાની રચના હોઈ શકે.

કૃતિનું સંપ્રતિ સંપાદન પ્રથમ સંપાદકે ઘણાં વર્ષો પહેલાં એક જૂની પ્રત પરથી ઉતારી લીધેલ પાના પરથી કર્યું છે. પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા એવં સંસ્કૃત ભાષા–વિશારદ શ્રીકૃષ્ણદેવે એને લક્ષપૂર્વક તપાસી લિપિકારે દાખલ કરેલા અક્ષર અને વ્યાકરણ દોષને નિવાર્યા છે અને કોઈક કોઈક સ્થળે અક્ષર ઊડી જવાથી થયેલ છન્દોભંગ દૂર કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તોત્ર ઉજ્જયન્ત મહાતીર્થ અનુલક્ષિત હોઈ તેમાં સ્વાભાવિક જ તીર્થનાયક જિન અરિષ્ટનેમિને પ્રધાનતા અપાઈ છે; એમનો તથા રૈવતગિરિનો મહિમા પ્રારંભનાં પાંચ પદ્યોમાં કહ્યો છે. તે પછી વાગ્ભટ્ટમંત્રી કારિત, ગિરનાર પર ચઢવાની પદ્યા (પાજા) વિશે આલંકારિક કહી, ક્રમશઃ ગિરિસ્થિત અર્ચનીય સ્થાનોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં (કાશ્મીરના) શ્રેષ્ઠી રત્ન તથા મદન દ્વારા (અમ્બિકાના પ્રસાદથી) મળેલ નૂતન બિંબની પ્રતિષ્ઠા (ઈ. સ. ૯૩૪), તથા સજ્જન મંત્રી દ્વારા પુનરુદ્ધારિત (ઈ. સ. ૧૧૨૯) નેમિનાથના પુરાણપ્રસિદ્ધ મૂળ મંદિર અતિરિક્ત (મંત્રી તેજપાલ-કારિત) "કલ્યાણત્રય" જિનાલય (આ. ઈ. સ. ૧૨૩૪), (દેપાલ મંત્રી કારિત) દેવેન્દ્ર મણ્ડપ (ઈ. સ. ૧૨૩૨) અને સમીપવર્તી રહેલ પુનિત પ્રાચીન ગજેન્દ્રપાદકુણ્ડ, સચિવેશ્વર વસ્તુપાલે કરાવેલ સમ્મેતશૈલ અને અષ્ટાપદની રચના સહિતનો આદિનાથનો "વસ્તુપાલ વિહાર" (ઈ.સ. ૧૨૩૨), રાજીમતિની ગુફા, અમ્બાશિખરસ્થિત ગિરનાર-અધિષ્ઠાત્રી યક્ષી અમ્બિકા, અને અમ્બાશિખર પછીનાં અવલોકનાદિ શિખરો, સહસ્રસહકારવન (સહસ્રામ્રવન, સેસાવન), તેમ જ લાખારામ એમ તે સ્થાનોમાં પ્રતિષ્ઠિત નેમિજિનની ચરણ-પાદુકાઓને વંદના દઈ, સ્તોત્રની સમાપ્તિ કરી છે.

સ્તોત્રકારને આ રચના બે અનિવાર્ય મર્યાદાઓ વચ્ચે રહીને કરવી પડી છે. એમનું ધ્યેય એને ચૈત્યપરિપાટી રૂપે રજૂ કરવાનું હોઈ તેમાં પૌરાણિક-ઐતિહાસિક વ્યક્તિઓનાં, તેમ જ તીર્થાશ્રિત મન્દિરાદિ રચનાઓનાં વિશેષ નામો છોડી શકાય તેમ નહોતું. વસ્તુતયા તેની પ્રધાનતા રહે છે. બીજી બાજુ તેઓ મધ્યયુગના મુખ્ય ભાગની સમાપ્તિ પશ્ચાત્ થયા છે. આથી એમનું કવિતા-સામર્થ્ય અને ભાષાનું આભિજાત્ય અગાઉના કર્તાઓ જેવું હોવાનો સંભવ ઓછો છે; અને છતાંય જ્ઞાનચન્દ્ર આ બંને મર્યાદાઓ પાર કરી સ્તોત્રને એક સફળ સર્જન રૂપે ઘડી શક્યા છે. સાધારણતયા કવિતામાં વિવિધ વર્ણયુક્ત વિશેષનામોની ઉપસ્થિતિ એના આકારને અસુષ્ઠુ બનાવે છે; અને પશ્ચાત્ કાળની કૃતિઓમાં સામાન્યતઃ ગિરાવૈભવ અને કલ્પકતાનો સાવ અભાવ નહીં તોયે એકંદર સંગુમ્ફનમાં ઘણી વાર અદોદરાપણું વરતાય છે; જ્યારે અહીં તો સારુંયે સ્તોત્ર સુલલિત પદાવલિથી સુશૃંખલ બની ઋજુગતિએ વહેતું લાગે છે; ને સાથે જ પદોમાં ચાતુરી અને સુરુચિ સમતોલ પ્રમાણમાં વણાયેલાં દેખાય છે; તો બીજી બાજુ અલંકારોનો અકારણ પ્રયોગ, વસ્તુ-નિરૂપણમાં વૃથા વિસ્તાર કે હોશિયારીનાં પ્રદર્શનથી મુક્ત રહ્યાં છે. સમગ્ર રચના આથી અર્થપૂર્ણ બનવા ઉપરાંત સુચારુ, ભાવવાહી, સુઘટિત અને વ્યવસ્થિત બની શકી છે. આટલા ગુણો ધરાવતી હોવા છતાં એને અસાધારણ રચના તો કહી શકાય નહીં; તોપણ તે સરસ અને કર્ણપેશલ જરૂર બની છે.

ચૌદમા શતકમાં થયેલા કવિ જ્ઞાનચન્દ્રની કાવ્યસૂઝ અને આવડત વિશે પ્રસ્તુત સ્તોત્રથી સહેજે જ ઊંચો ખયાલ બંધાય છે; અને તેમની આ કાવ્યકૃતિ ઉત્તર મધ્યકાળના પ્રારંભની ઉત્તમ જૈન સ્તોત્રાત્મક રચનાઓમાં સ્થાન લઈ શકે તેમ છે.

પાદટીપો

૧. મુનિરાજ શ્રી જયન્તવિજયજી, **શ્રી અર્બુદ-પ્રાચીન-જૈન-લેખસંદોહ,** (આબૂ-ભાગ બીજો), શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, પૃ.૪૦, ઉજ્જૈન વિ. સં. ૧૯૯૪/ઈ.સ. ૧૯૩૮, લેખાંક ૧, પૃ. ૭.

૨. મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૨, કંડિકા ૬૪૨, પૃ. ૪૩૭.

૩. રાજશેખર સૂરિના પ્રબન્ધકોશની મિતિ સં. ૧૪૦૫/ઈ. સ. ૧૩૪૯ છે; અને તેમણે મુનિભદ્રનું સંશોધન સં. ૧૪૧૦/ઈ. સ. ૧૩૫૪માં કર્યું છે. (દેશાઈ એજન). આથી પૌર્ણિમાગચ્છના સમકાલિક જ્ઞાનચન્દ્રનો પણ એ જ સરાસરી સમય ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीरैवतगिरितीर्थ-स्तोत्रम्

सौराष्ट्र-राष्ट्र-वसुधा-वनिता-किरीट-
कल्पोज्जयन्तगिरि-मौलि-मणीयमानं ।
नेमीश्वरं जिनवरं प्रयतः प्रणौमि
सौभाग्य-सौरभ-सुभावित-विश्वविश्वम् ॥१॥

स्वामिन् स्मर प्रसरथ स्मरकान्धकार
प्रत्यूष भास्कर सुरासुर-सेव्यपादः ।
श्रीरैवताचल सदोदित विश्वदीप-
ज्जयोतिर्मय प्रशमयामयमंतरं नः ॥२॥

दुःकर्मशर्मभिदुरं गलितं ममाद्य
प्रोद्यन्मनोरथ-तरुः फलितश्च सद्यः ।
मानुष्य-जन्मदुरवाप्यमभूत्कृतार्थं
यल्लाघवी क्षणपथं त्वमुपागतोसि ॥३॥

श्रीनेमि-निष्क्रमण-केवल-मोक्षरूप
कल्याण[क]त्रय-पवित्रित-भूमिभागं ।
तीर्थाधिराजमभिषिंचतियत्तडित्वात्
तत्सर्पि गर्जित महोर्जित तूर्यरायः ॥४॥

राजीमती बल सनातन सौख्यलक्ष्मी
सांगत्य गौरवमहो! गभिता जितेश ।
विश्वत्रयी प्रभवता भवता तथापि
त्यक्ते त्यजायत मुधैव जनः प्रघोषः ॥५॥

पद्यामीवाद्य दलिती किल सिद्धिसौध
सोपान-पद्धतिमिवेहसदाधिरोहन् ।
भव्यो जनः स्मरति वाग्भटदेवमंत्रि
राजन्य नेमि जिन यात्रक धर्मबन्धोः ॥६॥

आतीय कांचनबलानक तोऽम्बिकाया-
स्तोष्येन रत्नमयबिंबमनर्घ्यमेतत् ।
रत्नः पुरोहित निवेशितमुद्धार
तीर्थं भवाब्धि-पतयालुमिवजीवम् ॥७॥

चैत्यं चिरंतनमिदं मदनोद्धधार
श्रीसज्जनः सुकृतसज्जनसज्जधर्यः ।
सौवर्ण-कुंभ-मणि-तोरण-रत्नदीप
यद्रैवताद्रि-कटके पटकायतीव ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रत्नानि तान्यपि चतुर्दश यत्पुरस्ता-
न्नूनंजरात्तृणमुलापति न स्पृशंति ।
विश्वैकरत्न भवता तवतात्मजेन
मन्ये समुद्रविजयेन जितः समुद्रः ॥९॥

माहात्म्यस्य भणितुं भुवनातिशायि
श्रीरैवतस्य न तु वागधिपः किमीशः ।
नेमीश्वरस्य विजिनांतर वैरिणोपि
प्रेयानभूत् समवसृत्यणुबंधतो यः ॥१०॥

कल्याणकत्रयजिनालय भूत्रयेपि
नेमिं नमामिं चतुराननसंजनाभं ।
देवेन्द्रमण्डप जिनानथ दिव्य कुण्डं
दौर्गत्यतापमलहारि गजेन्द्रपादं ॥११॥

शत्रुञ्जयाभिध गिरीश कृतावतारं
श्रीवस्तुपालसचिवेशविहारसारं ।
सम्मेतचैत्य भवनेन युगादिदेव-
मष्टापदेन च निविष्टमहं नमामि ॥१२॥

राजीमती किल स निर्झर कन्दराया-
मश्रूणि नेमि-विरहादि-वशो चयन्ती ।
अम्बेव यात्रकजने दुरितापहन्त्री
दिव्यांबका जयति कामित-कामधेनु ॥१३॥

वंदेऽवलोकशिखरे तमरिष्टनेमि
वैषम्यमाक् शिखरशेखरतामितौ तौ ।
प्रद्युम्न शाम्ब मुनिकेवलिनो दिशंता
वुच्चैर्महोदयपदं तु यथा तथेति ॥१४॥

श्रीमान् सहस्रसहकारवनेन लक्षा-
-रामेण नेमिपदपंकज-पावितेन ।
तीर्थात्मकः शुचिरयां क्षितिभृत्समन्तात्
जीयान्निशास्वपि सदोषधिदीपदीप्तः ॥१५॥

ज्ञानेन्दु रुग्विदित वैद्यसुरेन्द्र वन्द्य
विश्वाभिनंद्य यदुनंदन सम्मदेत ।
स्तोत्रं पठन्निदमनन्यमनाः सुतीर्थ-
यात्राफलं शुभमतिर्लभते स्थितोऽपि ॥१६॥

इति श्रीगिरनारचैत्यपरिपाटीस्तवनम् विहितं श्रीज्ञानचंद्रसूरिभिः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org